ગાંધીનગર સમાચાર

# ગુજરાતમાં પાકિસ્તાની બોટમાં બ્લાસ્ટ

## પોરબંદરથી ૩૬૫ કિલોમીટરના અંતરે શખ્સોએ બોટને ફુંકી મારી : મુંબઈ જેવા હુમલાની યોજના હતી

નવી દિલ્હી,તા. ૨

ગુજરાતમાં પાકિસ્તાની બોટમાં બ્લાસ્ટને લઈને સમગ્ર દેશ હચમચી ઉઠ્યું છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, ૨૦૦૮ના મુંબઈ જેવા મોટા હુમલાને અંજામ આપવા માટે આતંકવાદીઓએ કાવતરું ઘડી કાઢ્યું હતું. આ કાવતરાને અંજામ આપવા માટે ત્રાસવાદીઓ આવી રહ્યા હતા ત્યારે આ આતંકવાદીઓ તેમની યોજનામાં સફળ થાય તે પહેલાં જ ઈન્ડિયન કોસ્ટગાર્ડે તેમના કાવતરાને નિષ્ફળ બનાવી દીધો હતો. આ બોટમાં ચારથી પાંચ ત્રાસવાદીઓ હતા. આ બોટ કરાંચીના કેતી બંદરથી રવાના થઈ હતી અને ત્યારથી જ ભારતીય સુરક્ષા સંસ્થાઓની તેના પર નજર હતી. આ બોટમાં મોટી માત્રામાં વિસ્ફોટક સામગ્રી હતી. પાકિસ્તાની ફિસીંગ બોટ હતી અને જે પોરબંદરથી ૩૬૫ કિલોમીટરના અંતરે સ્થિત હતી. બોટમાં બ્લાસ્ટ થયા બાદ તરત જ વિનાશક આગ ફાટી નિકળી હતી અને તેના ફુર્ચેફુર્ચા ઉડી ગયા હતા. કોસ્ટગાર્ડે પોરબંદર નજીક શંકાસ્પદ બોટ નિહાળ્યા બાદ તેનો પીછો કરવામાં આવ્યો હતો. જેના કારણે આમાં રહેલા લોકોએ બ્લાસ્ટ કરી દીધો હતો. બોટમાં રહેલા લોકોના મોત થયા હોવાની શક્યતા છે. છતાં ઉંડી તપાસ ચાલી રહી છે. ૨૦૧૪ની ૩૧મી ડિસેમ્બરે આ બોટ જોવામાં આવી હતી.

ગુપ્તચર અહેવાલમાં આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. પોરબંદર નજીક આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન કોસ્ટગાર્ડે પાકિસ્તાની ફિસીંગ બોટનો પીછો કર્યો હતો. પહેલી જાન્યુઆરીની વહેલી પરોઢે આનો પીછો કરવામાં આવ્યો હતો. એક કલાક સુધી આ બોટનો પીછો કરાયો હતો. આ બનાવ દરમિયાન ચેતવણી રૂપે હવામાં ગોળીબાર પણ કરાયો હતો. પરંતુ આની તરફ બોટમાં રહેલા શખ્સોએ ધ્યાન આપ્યું નહતું. ત્યારબાદ અચાનક જ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આ નૌકામાં લશ્કરએ તોયબાના આતંકવાદીઓ હોવાની શંકા છે. આ લોકો પહેલી જાન્યુઆરીના દિવસે ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરવાની ખતરનાક યોજના ધરાવતા હતા. સૂચનાના આધાર ઉપર ઉંડી તપાસ ચલાઈ હતી. પાકિસ્તાની બોટને ચેતવણી આપવામાં આવ્યા બાદ આ લોકોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. વિસ્ફોટક સામગ્રી હોવાના કારણે પ્રચંડ બ્લાસ્ટમાં જ આગ ફાટી નિકળી હતી. નૌકા અને કોસ્ટગાર્ડના જવાનો તપાસ કરી રહ્યા છે. હેલિકોપ્ટરની મદદ પણ લેવામાં આવી છે. બોટમાં રહેલા શખ્સો પાસે કેવા પ્રકારના હથિયારો હતા તે અંગે હજુ સુધી માહિતી મળી શકી નથી.



## ભાજપના શાસન હેઠળ ખુશી મનાવા જેવું કશું નથી : લાલુ

પટણા, તા. ૨

આરજેડીના વડા લાલુ યાદવે આજે કહ્યું હતું કે, ભાજપના શાસન હેઠળ નવા વર્ષમાં ખુશી મનાવા જેવું કશું નથી. તેમણે કહ્યું હતું કે, આ વર્ષે વિધાનસભાની ચુંટણીમાં બિહારથી ભાજપની પડતીની શરૂઆત થશે. લાલુએ કહ્યું હતું કે, અમે એકબીજાને હેપ્પી ન્યુયરની શુભેચ્છા આપી રહ્યા છીએ પરંતુ ભાજપના શાસન હેઠળ આ વર્ષે દેશમાં ખુશી જેવું કશું નથી. આરજેડીના વડાએ કહ્યું હતું કે જે રીતે ભાજપના શાસનમાં ઝડપથી દરેક બાબતો બદલાઈ રહી છે તે જોતા ખુશી મનાવા જેવું કંઈ જ નથી. ગરીબોના ધર્માંતરણ, વિરોધપક્ષના નેતાઓ માટે બિન સંસદીય ભાષાઓનો ઉપયોગ, નાથુરામ ગોડસેને ગૌરવ મળે તેવા નિવેદન જોવા મળી રહ્યા છે. તિરંગા ધ્વજને પણ અપમાનિત કરવામાં આવે છે. એવા દિવસો દૂર નથી જ્યારે તિરંગા ધ્વજના કલરને પણ બદલી દેવામાં આવશે. લાલુએ કહ્યું હતું કે, મહારાષ્ટ્ર, હરિયાણા, જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં રાજ્યની ચુંટણીમાં ભાજપની જીત થઈ છે. ભાજપના ખોટા વચનોની જાળમાં લોકો સતત ફસાઈ રહ્યા છે. વડાપ્રધાન મોદી દરેક રાજ્યમાં જઈને મતદારોને લાલચ આપી રહ્યા છે. મહારાષ્ટ્ર, હરિયાણા અને અન્ય કોઈપણ રાજ્યમાં જ્યાં મોદી જાય છે ત્યાં એ રાજ્યને નંબર વન બનાવવાનું વચન આપે છે. કેટલીક રૂપરેખા સિવાય જુના જનતા પરિવારને એકત્રિત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવાઈ છે. દિલ મિલ ગયા હૈ... તો સમજો વિજય હો ગયા હૈ...બસ અબ કેવલ કાગજ પર કામ બાકી હૈ.. લાલુએ કહ્યું હતું કે, જેડીયુના નેતા નિતિશકુમાર સાથે સંબંધો ખરાબ નથી. તેમણે એમપણ કહ્યું હતું કે, તેમના મતભેદો દૂર થઈ ચુક્યા છે. કરોડો રૂપિયાના ઘાસચારા કૌભાંડ કેસમાં તેમને જેલમાં મોકલવા, નિતિશકુમારના કાવતરાને તેઓ સ્વીકારે છે કે કેમ તે અંગ પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આ બિનજરૂરી આક્ષેપો છે. નિતિશકુમાર તેમની સામે અરજીદાર નથી. ભાજપના નેતા સુશીલકુમાર મોદી અને રવિશંકર પ્રસાદ કોર્ટમાં ગયા હતા.

## સ્વાઈન ફ્લુ : ભારતમાં ૧૦ લોકોના થયેલા મોત

નવી દિલ્હી,તા. ૨

તેલંગાણા, આંધ્રપ્રદેશ જેવા દેશના અનેક વિવિધ ભાગોમાં પણ સ્વાઈન ફ્લુ રોગચાળાએ હવે આતંક મચાવ્યો છે. કુલ ૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે. બે નવા કેસો નોંધાયા છે. હૈદરાબાદમાં રોગ માટેના નોડલ ઓફિસરે કહ્યું છે કે, તેલંગાણામાં એક અને આંધ્ર પ્રદેશમાં એક એમ કુલ બે મહિલાને સ્વાઈન ફ્લુની અસર થઈ છે. વર્ષ ૨૦૧૪માં તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં સ્વાઈન ફ્લુના ૮૮ કેસ નોંધાયા છે. એકલા ડિસેમ્બર મહિનામાં જ ૨૨ કેસ નોંધાયા છે. ગયા વર્ષે સ્વાઈન ફ્લુથી ૧૦ લોકોના મોત થયા હતા. સ્વાઈન ફ્લુ જીવલેણ રોગ નથી. આરોગ્ય ધરાવતા લોકો સામે કોઈ ખતરો નથી. પરંતુ નબળા લોકો આના સકંજામાં આવી શકે છે. તેલંગાણાના ડિરેક્ટર ઓફ હેલ્થ સંબાશિવ રાવે કહ્યું છે કે, સરકારે આ રોગને રોકવા માટે તમામ સંભવિત પગલાઓ લીધા છે. વધુ નક્કર કેસો નોંધાઈ રહ્યા છે જેથી સ્વાઈન ફ્લુ છે તેમ કહી શકાય છે. ૩૦મી ડિસેમ્બરના દિવસે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સ્વાઈન ફ્લુના ત્રણ કેસ નોંધાયા હતા. આની સાથે જ સંખ્યા વધીને ૩૫ ઉપર પહોંચી ગઈ હતી. દેશના વિવિધ ભાગોમાં કેસો સતત વધી રહ્યા છે.

## આતંકવાદીને ઘુસાડવાના પ્રયાસ જારી છે : રાજનાથ

નવી દિલ્હી,તા. ૨

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે પાકિસ્તાન પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદીઓને ઘુસાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. સરહદ ઉપર સતત ગોળીબાર કરીને આ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, આમાં કોઈ શંકા નથી કે, પાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે અને આની પાછળ ઘુસણખોરીનો ઈરાદો રહેલો છે. તેમણે એમપણ કહ્યું હતું કે, જમ્મુ પ્રદેશમાં આતંરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા ઉપર સતત ગોળીબાર પાકિસ્તાની જવાનો કરી રહ્યા છે પરંતુ બીએસએફના જવાનો જોરદાર જવાબી કાર્યવાહી પણ કરી રહ્યા છે. ભારત દ્વારા કરવામાં આવી રહેલા ગોળીબાર અંગે પાકિસ્તાન દ્વારા નોંધાવવામાં આવેલા વિરોધ અંગે પુછવામાં આવતા સિંહે કહ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા જ ગોળીબાર કરાઈ રહ્યો છે અમે માત્ર જવાબ આપી રહ્યા છીએ.

જમ્મુ કાશ્મીરમાં સાંબા સેક્ટરમાં ૧૩ સરહદી ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની રેંજર્સે ગોળીબાર કર્યો હતો. ચાર પાકિસ્તાની રેંજર્સ ભારત દ્વારા કરાયેલા હુમલામાં માર્યા ગયા હતા. સરહદ પારથી ગોળીબારમાં એક ભારતીય જવાન શહીદ થયા બાદ કાઉન્ટર હુમલામાં ચાર પાકિસ્તાની જવાનો માર્યા ગયા હતા. પ્રધાને એમપણ કહ્યું હતું કે, પાકિસ્તાન આ પ્રકારના યુદ્ધ વિરામના ભંગથી દૂર રહેવું જોઈએ. પાકિસ્તાને આ પ્રકારના કૃત્યો કરવા જોઈએ નહીં. સંરક્ષણ મંત્રી મનોહર પાર્રિકરે કહ્યું હતું કે, પાકિસ્તાન કોઈપણ બોધપાઠ લઈ રહ્યું નથી. તંગદીલીને જાળવી રાખવામાં આવી છે. આ તમામ પ્રવૃત્તિના લીધે સંબંધો સુધારવામાં પણ તકલીફ પડી રહી છે. વારંવાર ગોળીબારના કારણે સંબંધો સુધરી રહ્યા નથી.

## એર એશિયા દુર્ઘટના : વધુ ૨૨ના મૃતદેહો હાથ લાગ્યા

સુરાબાયા,તા. ૨

રવિવારના દિવસે રહસ્યમય સંજોગોમાં લાપતા થયેલા વિમાન એર એશિયાના કાટમાળમાં ઉંડી તપાસ ચાલી રહી છે. આજે વધુ ૨૨ મૃતદેહ હાથ લાગ્યા છે. જાવા દરિયામાં પાંચ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં આ વિમાન તુટી પડ્યું હતું. એવું જાણવા મળી રહ્યુ છે કે ઘણા યાત્રિઓ હજુ તેમની સીટમાં બંધાયેલા છે અને તેઓ મૃત્યુ પામી ચુક્યા છે. એર બસ ૩૨૦ ફ્લાઈટના દુર્ઘટના સ્થળે બ્લેક બોક્સ રેકોર્ડરની શોધખોળ ચાલી રહી છે. આ વિમાનમાં ૧૬૨ યાત્રિઓ હતા. એર એશિયાના લાપતા થયેલા વિમાન અંગે ૩૦મી તારીખે અગાઉ ભાળ મળી હતી. એ દિવસે લાપતા થયેલા એર એશિયાના ક્યુઝેડ ૮૫૦૧ વિમાનના ૪૦ યાત્રિઓના મૃતદેહ હાથ લાગ્યાના અહેવાલ બાદ સગા-સંબંધીઓમાં આઘાતનું મોજું ફરી વળ્યું હતું. જેટલાઈનર જ્યાં લાપતા થયું હતું તે સ્થળ નજીક દરિયામાં મૃતદેહ મળી આવ્યા હોવાના અહેવાલ ટીવી ચેનલે આપ્યા હતા જેના લીધે પુર્વીય જાવામાં સુરાબાયામાં આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ક્રાઈસીસ સેન્ટર ખાતે લોકોમાં આઘાતનું મોજું ફરી વળ્યું હતું. વિમાનના કાટમાળને શોધી કાઢવામાં સફળતા મળતા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો પણ અંત આવી ગયો હતો. આની સાથે જ શોધખોળ હજુ બંધ કરવામાં આવી હતી. લાપતા થયેલા વિમાનના કાટમાળની સાથે દરિયામાંથી અગાઉ ૪૦થી વધુ મૃતદેહો હાથ લાગ્યા હતા.

## વર્ષ ૨૦૧૫માં હાઈ પ્રોફાઈલ કેસોના ચુકાદા જાહેર થઈ શકે

નવી દિલ્હી,તા. ૨

વર્ષ ૨૦૧૫ની શરૂઆત થઈ ગઈ છે ત્યારે આ વર્ષે કેટલાક હાઈ પ્રોફાઈલ કેસો અંગે પણ સુપ્રીમ કોર્ટ ફેંસલો કરનાર છે.જેથી સુપ્રીમ કોર્ટની કાર્યવાહી પર નજર રહેશે. ગયા વર્ષે માર્ચ બાદથી જેલમાં રહેલા સહારના વડા સુબ્રતા રોયના ભાવિનો પણ ફેંસલો કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટ સુબ્રતા રોયને કોઈ રાત તેની શરત વગર આપે તેવી શક્યતા ઓછી છે. રૂપિયા ૧૦૦૦૦ કરોડની રેકોર્ડ જામીનની રકમ જમા ન કરે ત્યા સુધી રોયને કોઈ રાહત આપવાના મુડમાં સુપ્રીમ કોર્ટ દેખાતી નથી. જેથી તેમના ભાવિ પર પણ નજર રહેશે. આવી જ રીતે અન્ય એક હાઈ પ્રોફાઈલ કેસ બીસીસીઆઈના હાલ દુર કરવામાં આવેલા પ્રમુખ એન. શ્રીનિવાસનનો પણ છે. તેમના ભાવિ અંગે પણ સુપ્રીમ કોર્ટ ફેંસલો કરનાર છે. આઈપીએલ-સટ્ટા કોંભાંડમાં તપાસ ચાલી રહી છે ત્યારે શ્રીનિવાસન પર સકંજો રહેશે.અન્ય કેટલાક એવા કેસો છે જેની ભારે ચર્ચા રહી છે. જેમાં જજની નિમણૂંક કરતી કોલેજિયમ વ્યવસ્થાની જગ્યાએ એનજેએસીની નિમણૂંકને પડકાર ફેંકી દાખલ કરવામાં આવેલી અરજી પણ છે. આ ચુકાદા પર તમામની નજર રહેશે. કારણ કે આને લઈને ભારે વિરોધ થઈ ચુક્યો છે.સીવીસી અને વિજિલન્સ કમીશનની નિણમૂંકેને લઈને પણ ચર્ચા રહેશે. ગંગાને સ્વચ્છ કરવા સાથે સંબંધિત પ્રોજેક્ટને પણ હાથ ધરવામાં આવનાર છે. તમામ જાહેર હિતના મુદા પર સુપ્રીમ કોર્ટની સોશિયલ જસ્ટીસ બેંચ સુનાવણી હાથ ધરશે.

સુપ્રીમ કોર્ટ ગંગા સ્વચ્છ પ્રોજેક્ટને સરકારે જે રીતે હાથ ધર્યો છે તેનાથી નાખુશ છે. જેથી આ દિશામાં કરવામાં આવી રહેલી પ્રગતિ પર સુપ્રીમ કોર્ટ નજર રાખી રહી છે. કોર્ટ કેસોને લઈને પણ નિષ્ણાંતોની નજર સુપ્રીમ પર રહેશે. એનડીએ સરકાર સેતુસમુન્દ્રમ શીપ કેનાલ પ્રોજેક્ટને લઈને પણ આગળ વધે તેવી શક્યતા છે. આ મુદ્દામાં સુપ્રીમ કોર્ટ સુનાવણી હાથ ધરશે.

## સમાચાર ઝલક

- કોસંબા નજીક હાઈવે પર કાર ટ્રકના અકસ્માતમાં પાંચનાં કરૂણ મોત.
- સુરતના વેપારીઓને વેટના ઓનલાઈન ઓડિટથી મુશ્કેલીઓ. વેપારીઓ આંદોલન મુડમાં.
- ભૂતકાળ પાછો આવતો નથી. ભવિષ્યને આપણે બદલી શકીએ. દલાઈ લામા સુરતની મુલાકાતે.
- ગુજરાતમાં ૧૩ થી ૧૭ જાન્યુઆરી 'જળ સપ્તાહ' કેન્દ્ર દ્વારા ઉજવાશે.
- ગોવામાં ડાન્સ પાર્ટીમાં વધુ પડતું ડ્રગ્સ લેવાથી બોલીવુડની ડિઝાઈનર ઈશા મંત્રીનું મોત.
- સૌરાષ્ટ્ર ખેડૂત લડત સમિતિ આયોજીત ખેડૂત યાત્રા ફરશે. રાજકોટથી પ્રારંભ.
- 'વાઈબ્રન્ટ'થી ગુજરાતનો સુર્વણયુગ આરંભાશે.
- ગુજરાતની ઉધોગનિતિમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગોને પ્રોત્સાહક સહાય અપાશે.
- રાજકોટમાં હીરા ઉધોગમાં સંશોધન કરનાર ડાં.કે.ઈન્દુરાવનું સન્માન થયું.
- મધ્ય ગુજરાતમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી સમયે વરસાદ તૂટી પડતાં ઉજવણીમાં ભંગ પડયો.
- ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ૪૦૦ કરોડના ખર્ચે બનશે પુલ.
- બારકાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા ભાવિ વકીલો માટે ગુજરાતમાં ૧૫મી માર્ચે પરીક્ષા.
- વલ્લભવિધાનગરમાં રાજકોટના શખ્સોએ નિર્દેશક વિધાર્થીની હત્યા કરી.
- કપાસના ભાવ ઘટયા લાગ્યા ફરી ઉહાપોહના એંધાણ. પુરવઠાખાતાનું સર્વર બગડતાં કામકાજ ખોરવાયું.
- અમરેલી જિલ્લાની સુવાગઢ પ્રાથમિક શાળામાં ૭૦ ભુલકાઓ રતન જયોતના બી ખાઈ જતાં ઝેરી અસર થઈ.
- દિલ્હીમાં ૧૭ એરકંડીશન બસને રહસ્યમય આગ લાગી.
- વર્ષ ૨૦૧૪માં તિરૂપતિના વેકેટેશ્વર મંદિરને ૮૩૨ કરોડનું દાન મળ્યું ૨,૨૬ કરોડ શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા.
- આયોજન પંચ હવેથી નીતી આયોગ તરીકે ઓળખાશે.
- મોદી સરકારની સ્વચ્છના ઝુંબેશ સર્વલોકોને પ્રથમ પસંદગી.
- રેલ્વે બોર્ડના ચેરમેન પદેશ્રી એ.કે.મિત્તલની વરણી.
- દેશની અખંડિતાને અસર કરે તેવા લાઈવ કવર પર પ્રતિબંધ આવશે.
- ૧ જીબી સુધીનું મુવી ડાઉનલોડ માત્ર ૧ સેંકન્ડમાં થશે. સૌથી વધુ ઝડપી ઈન્ટરનેટ.
- વિશ્વ સુંદરી ઐશ્વર્યારાય બચ્ચન ટુંક સમયમાં નવા લુકમાં નજરે પડશે.
- વેનેઝુએલામાં ફુગાવાનો દર ૬૩ ટકાએ પહોંચ્યો.

## સેન્સેક્સ ૩૮૦ પોઈન્ટ સુધરી ૨૭૮૮૮ની ઉંચી સપાટી પર

મુંબઈ, તા. ૨

શેરબજારમાં આજે છટ્ઠા સેશનમાં જોરદાર તેજી રહી હતી. બેકીંગ શેરોના નેતૃત્વમાં તેજીનો દોર રહ્યો હતો. સેંસેક્સ આજે ૩૮૦ પોઈન્ટ સુધરીને ૨૭૮૮૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૧૧ પોઈન્ટ ઉછળીને ઉંચી સપાટીએ રહ્યો હતો. ૮૪૦૦ની સપાટીથી તે હવે માત્ર ૫ પોઈન્ટ દૂર છે. જોકે ઈન્ટ્રાડે દરમિયાન નિફ્ટીએ ૮૪૦૦ની સપાટી કુદાવી દીધી હતી. કોમોડેટીના ક્ષેત્રમાં બ્રેન્ટ ક્રૂડમાં ઘટાડાનો દોર રહ્યો છે. આજે વધુ ઘટાડો થયો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં સુધારો રહ્યો હતો. તમામમાં ૦.૩ ટકા સુધીનો ઓછામાં ઓછા સુધારો થયો હતો. બેંક અને કેપિટલ ગુડ્સમાં ૧.૬ ટકા સુધીનો સુધારો નોંધાયો હતો. મેટલ અને પાવર ઈન્ડેક્સમાં ૧.૨ ટકાનો ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો. ફાઈનાન્સિયલ શેરમાં પણ તેજી રહી હતી. વડાપ્રધાન મોદી, રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજન, નાણાં મંત્રી અરૂણ જેટલી બેંકરો સાથે વાત કરનાર છે. આજે દિવસ દરમિયાન ટીસીએસ, ઈન્ફોસીસ અને વિપ્રોમાં ૧-૨ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. સેશા સ્ટરલાઈટ, તાતા સ્ટીલ અને હિન્દાલ્કોમાં ૧-૧.૫ ટકા વચ્ચેનો સુધાર રહ્યો હતો. આઈટીસી, એચયુએલમાં મિશ્ર સ્થિતિ રહી હતી. કેપિટલ ગુડ્સના શેરમાં પણ ઉલ્લેખનીય સ્થિતિ રહી હતી. પીએમઆઈ ડેટા પ્રોત્સાહનજનક રહેતા તેની સીધી અસર કેપિટલ ગુડ્સના શેર પર થઈ હતી. પીપાવાવ ડિફેન્સ, ભેલ, એલ એન્ડ ટી, સુઝલોનના શેરમાં પણ ઉલ્લેખનીય સુધારો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, નવા વર્ષની શરૂઆતમાં ગઈકાલે કારોબાર ફ્લેટ રહ્યો હતો. કારોબારના અંતે મૂડીરોકાણકારોએ હવે ધ્યાન અન્યત્ર કેન્દ્રીત કર્યુછે. રોકાણકારો તેમનું ધ્યાન હવે મોટી કેપ કરતા બ્રોડર માર્કેટમાં મૂળભૂત રીતે મજબુત શેરો ઉપર કરી રહ્યા છે. સેન્સેક્સ ગુરુવારે કારોબારના અંતે ૮ પોઈન્ટ ઉછળીને ૨૭૫૦૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ગઈકાલે ૧ પોઈન્ટ ઉછળીને ૮૨૮૪ની સપાટીએ રહ્યો હતો.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

અમથું અમથું
અમથું અમથું આવવું આપણ
અમથું અમથું જવું,
ખાલી ખેપે આવવું-જવું
એમાં તે શું નવું...
કોઈના માટે મનખો મોટો
કમખો કોઈના માટે,
કોઈનાં તીરથ ઘરનો ખૂણો
કોઈને ગંગાઘાટે
જાગનારાને ઊંઘ ના આવે,
ઊંઘતાને શું કહેવું...
ગુંબજ ઉપર ઘંટ વગાડે,
ડુંગરે દેરી ચણે,
ભીતરનો રવ સાંભળે છે કોણ?
રોમ રોમ ઝણઝણે.
જાણે છે એ ભાગી જાયે,
રહેનારે શું કહેવું...?

**- ભાનુપ્રસાદ પુરાણી**

## વર્ષ ૨૦૧૪ : કુલ ૫૫૦ વખત યુદ્ધવિરામનો ભંગ

નવી દિલ્હી,તા. ૨

વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા ૫૫૦ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. આની સાથે જ છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. સેના દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા યુદ્ધવિરામના ભંગમાં ૧૫૮ ટકાનો વધારો થયો છે.

અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર નાગરિક વિસ્તારો અને અગ્રીમ ચોકીઓને ટાર્ગેટ બનાવી પાકિસ્તાની સૈનિકો દ્વારા સતત ગોળીબાર કરાયો છે. સંરક્ષણ પ્રવક્તા કર્નલ એસડી ગોસ્વામીએ કહ્યું છે કે, ભારત અને પાકિસ્તાનના સૈનિકો વચ્ચે અંકુશ રેખા અને આંતરાષ્ટ્રીય સરહદ ઉપર સતત સામસામે ગોળીબાર થઈ રહ્યો છે. કર્નલ ગોસ્વામીએ કહ્યું હતું કે, અમે ઘુસણખોરીને રોકવા માટે સંપૂર્ણપણે કટીબદ્ધ છીએ. સંરક્ષણ મંત્રાલય પાસેથી મળેલા આંકડામાં પણ જણાવાયુંછે કે, જમ્મુ સેક્ટરમાંથી સૌથી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ થયો છે. સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે હાલમાં જ કહ્યું હતું કે, સેનાને બેવડી તાકાત સાથે જવાબ આપવા કહેવામાં આવ્યું છે. ગોળીબારના કારણે ૩૨ હજાર લોકોને તેમના ઘર છોડી દેવાની ફરજ પડી છે.

## ૧૦ લાખ ભારતીય પ્રવાસીઓ ૨૦૧૫માં અમેરિકા પહોંચશે

વોશિંગ્ટન, તા. ૨

વર્ષ ૨૦૧૫માં અમેરિકા જનાર ભારતીય પ્રવાસીઓની સંખ્યા ૧૦ લાખથી પણ વધારે પહોંચી જવાની શક્યતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૪માં અમેરિકા કેટલા ભારતીય પહોંચ્યા તે અંગેના આંકડા હજુ સુધી મળી શક્યા નથી. એટલું જ નહીં વર્ષ ૨૦૧૩થી લઈને ૨૦૧૮ વચ્ચે અમેરિકા જનાર વિદેશી પ્રવાસીઓમાં ચીન અને કોલંબિયા બાદ સૌથી ઝડપથી વધારો કરનારની સંખ્યામાં ભારતીયો રહેશે. અમેરિકાના એક અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. અમેરિકી કોમર્સ વિભાગે આંતરરાષ્ટ્રીય પ્રવાસી ઉપર પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૩માં અમેરિકામાં છ કરોડ ૯૮ લાખ વિદેશી પ્રવાસી પહોંચ્યા હતા. આનાથી અમેરિકાને રેકોર્ડ ૧૮૧ અબજ ડૉલરની કમાણી થઈ હતી અને ૫૭ અબજ ડૉલર ટ્રેડ સર્પ્લસની સ્થિતિ હતી. ૨૦૧૫માં અમેરિકા જતા ભારતીય પ્રવાસીઓની સંખ્યા ૧૦ લાખના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અમેરિકા જતા તમામ ટોચના ૨૦ દેશોના પ્રવાસીઓની સંખ્યામાં ૨૦૧૩થી ૨૦૧૮ વચ્ચેના ગાળામાં વધારો થશે. આ ગાળામાં અમેરિકા જતાં વિદેશી પ્રવાસીઓની દૃષ્ટિથી ચીન સૌથી આગળ રહેશે. આમા ચીનનો દર ૧૩૯ ટકા, કોલંબિયાનો ૫૬ ટકાનો દર રહેશે જ્યારે ભારતમાંથી આ યોગદાન ૫૪ ટકાનું રહેશે. તાઈવાન અને બ્રાઝિલમાંથી ૫૨ ટકા અને ૫૦ ટકા જેટલા પ્રવાસી પહોંચે તેવી શક્યતા છે. અમેરિકામાં મંદી હવે દૂર થઈ રહી છે તેવી સ્થિતિમાં અમેરિકામાં ફરવા જઈ રહેલા લોકોની સંખ્યામાં પણ ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે. અમેરિકાને વિદેશી પ્રવાસીઓતી આવકમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આ વધારો જારી રહેશે.

## ડિઝીટલ ઈન્ડિયા વિઝનને સર્વોચ્ચ પ્રાથમિક્તા મળશે

નવી દિલ્હી,તા. ૨

સ્પેક્ટ્રમ હરાજી વૈશ્વિક રીતે સરકાર માટે જંગી આવક ઉભી કરનાર સાધન તરીકે છે. સરકારે સ્પેક્ટ્રમ વેચાણ મારફતે રેવન્યુ પ્રાપ્તિની વાર્ષિક રૂપરેખા તૈયાર કરી લીધી છે. વર્ષ ૨૦૩૨ સુધી સ્પેક્ટ્રમ વેચાણ માટેની રૂપરેખા તૈયાર થઈ છે. ડેટા સર્વિસને લઈને પણ ચર્ચા છે. ડિઝીટલ ઈન્ડિયા વિઝનને પૂર્ણ કરવાની દિશામાં સરકારે કૂચ કરી દીધી છે. સૂચિત વધારાના સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જ ૫ ટકાનો રહ્યો છે. જેના કારણે ટેરીફમાં સતત વધારો થઈ શકે છે. હરાજી અંગે મુસદ્દા કેબિનેટ નોંધ તૈયાર કરી લેવામાં આવી છે.